પ્રિય નોર્થ પેન પરિવારો,

હું આશા રાખું છું કે તમે તમારા ઉનાળાનો આનંદ લઈ રહ્યા છો, જો કે તમે જે પ્લાન કર્યો હોય તેના કરતા આ અલગ હોઈ શકે છે. અહીં NPSD માં પણ અમારા માટે આવું જ છે કારણ કે અમે 2020-2021 ના વર્ષ માટે શાળાઓ ફરી ખોલવાની યોજનાઓ પર કામ કરી રહ્યા છીએ. જો કે દરેક ઉનાળો આ કામમાં વીતી જાય છે, આ વર્ષ વધુ જટિલ છે કારણ કે અમે કોવિડ-19 ના પડકારો અને અનિશ્ચિતતાઓનો સતત સામનો કરી રહ્યા છીએ.

જેમ કે તમારામાંથી ઘણા લોકો જાણે છે, NPSD એ આ મહત્વપુર્ણ ધ્યેય પર કામ કરવા માટે 25 પેટા કમિટીઓની એક ટાસ્ક ફોર્સ બનાવી છે. આ પેટા કમિટીઓ સામાજીક અંતર અને સ્વાસ્થ્ય અને સલામતીથી લઈ, સમયપત્રક અને પરિવહન જેવા વિશિષ્ટ ક્ષેત્રો પર કેન્દ્રિત છે.

હું જાણું છું કે તમારા બધાના મગજમાં સૌથી પહેલી બાબત એ છે કે વિદ્યાર્થીઓ માટે શાળાનો દિવસ કેવો હશે. તેના માટે, અમારી પાસે એલિમેન્ટરી, મિડલ સ્કુલ અને હાઇ સ્કુલ માટે સુચિબધ્ધ પેટા કમિટીઓ છે. તેઓ 2020-2021ના શાળા વર્ષ માટેની ત્રણ સંભાવનાઓ - વ્યકિતગત, હાઈબ્રિડ અને ડિસ્ટન્સ લર્નિંગ માટેની યોજનાઓ વિકસિત કરવા માટે ખંતપૂર્વક કાર્ય કરી રહ્યા છે.

હાઈ સ્કુલ અને મિડલ સ્કૂલોમાં વિદ્યાર્થીઓના સમયપત્રક સાથે સંકળાયેલી જટિલતાઓને કારણે, અમને લાગે છે કે આ તબક્કે કામચલાઉ યોજનાઓ પર માતાપિતા તરફથી પ્રારંભિક પ્રતિસાદ મેળવવા મહત્વપૂર્ણ છે. પરિણામે, આ અપડેટ અને સહાયક અધિક્ષક ડૉ. ટોડ બોઅર દ્વારા સાથે જોડેલ વિડીયો, ગ્રેડ 7 થી 12 માટે વિચારણા કરવામાં આવી રહેલ યોજનાઓ પર ધ્યાન કેન્દ્રિત કરશે. જોકે આ ફક્ત એક પ્રાથમિક રૂપ છે, અને અમે જાણીએ છીએ કે ત્યાં ઘણા પ્રશ્નોના જવાબ આપવા પડશે અને ચિંતાઓ દુર કરવાની જરૂર છે. હાઈ સ્કુલ અને મિડલ સ્કુલની યોજના, સાથોસાથ પ્રાથમિક માટે જે વિકસિત કરવામાં આવી રહ્યું છે તે વિશેની વધુ માહિતી વહેલી તકે જણાવવામાં આવશે. આ ઉપરાંત પ્રશ્નોના જવાબો આપવા અને ટિપ્પણીઓ લેવા માટે અમે એક ઓનલાઈન ફોરમ સુનિશ્ચિત કરીશું.

સેકન્ડરી (ગ્રેડ 7 થી 12) સ્કુલ્સ

“પરંપરાગત” વ્યક્તિગત

વિદ્યાર્થીઓ સામાન્ય સમયપત્રક મુજબ શાળામાં હાજરી આપશે. જ્યાં સુધી અમને એ ખબર નહીં પડે કે કેટલા વિદ્યાર્થીઓ આ વિકલ્પને પસંદ કરશે, ત્યાં સુધી અમે સામાજીક અંતર જેવી ઘણી બાબતો પર ચોક્કસ થઈ શકતા નથી, જેમ કે ડેસ્ક વચ્ચે કેટલું અંતર હશે, એક વર્ગમાં કેટલા વિદ્યાર્થીઓ હશે, બપોરનું ભોજન કેવું હશે, વગેરે. પરંતુ આ બાબતો આ ઉનાળામાં નક્કી કરવામાં આવશે.

હાઈબ્રિડ કન્સેપ્ટ

- છ દિવસના ચક્રમાંના ચાર દિવસ પર, વિદ્યાર્થીઓ તેમને નિયત NPSD શિક્ષક દ્વારા શીખવેલા કેનવાસ લર્નિંગ મેનેજમેન્ટ સિસ્ટમ દ્વારા સિંક્રોનસ ઓનલાઈન શિક્ષણ (નિયત સમયે જરૂરી હાજરી સાથે સ્કુલના બેલ શેડ્યુલ સાથેના એક સમાન નિયત શેડ્યુલને અનુસરીને) માં ભાગ લેશે. અંગ્રેજી, સામાજીક અભ્યાસ, ગણિત અને વિજ્ઞાનના ચાર મુખ્ય ક્ષેત્રોના અભ્યાસક્રમો સુનિશ્ચિત કરવામાં આવશે.
- વિદ્યાર્થીઓ નોર્થ પેન શિક્ષકો દ્વારા ભણાવવામાં આવતા વ્યક્તિગત NPSD અભ્યાસક્રમમાં એક ચક્ર દરમ્યાન બે વખત, અથવા શાળાના છ દિવસોમાં બે વખત વ્યસ્ત રહેશે. આ વર્ગો દરેક વિદ્યાર્થીની ચોક્કસ શાળામાં

ચક્રના અન્ય ચાર દિવસો પછી જે અનુસરવામાં આવે છે તે જ સમયપત્રક મુજબ દિવસના તે જ સમયે લેવામાં આવશે.

- એકવાર અમે નિર્ધારિત કરીએ કે કેટલા વિદ્યાર્થીઓ હાઇબ્રિડ વિકલ્પમાં રસ ધરાવે છે ત્યારબાદ અમે તે નક્કી કરીશું કે મુખ્ય વર્ગ જેવી જ કઈ પસંદગીઓ પણ પ્રદાન કરી શકાય છે.
- વિદ્યાર્થીઓ એવી જગ્યામાં હાઇબ્રિડ વર્ગોમાં ભાગ લેશે જે અમારી હાઇ સ્કુલના એક વિભાગમાં સામાજીક અંતરની વધુ જગ્યાની અનુમતિ આપે છે.
- વિદ્યાર્થીઓ ઇત્તર પ્રવૃત્તિઓમાં ભાગ લઈ શકે છે અને નોર્થ મોન્ટકો ટેક્નિકલ કેરિયર સેન્ટરમાં ભાગ લઈ શકે છે.
- આ કાર્યક્રમ નીચેના ઉદ્દેશોને પૂર્ણ કરી શકે છે:
    1. શાળાના સંપુર્ણ દિવસ માટે વિદ્યાર્થીઓના નાના જૂથના સામાજીક અંતર અને એકાંતપણાને, માસ્ક સાથે ખૂબ પ્રોત્સાહિત કરવામાં આવે છે
    2. સહાધ્યાયીઓ અને NPSD શિક્ષકો સાથે કેટલીક જીવંત વાતચીત
    3. કાર્યપધ્ધતિમાં લવચીકતા જો/જ્યારે કોવિડ-19 સ્પાઇક્સ ફેલાય; સીમલેસ સંક્રમણ થાય/બહાર જાય

નોર્થ પેન વર્ચ્યુઅલ એકેડેમી (NPVA)

- NPVA એ ગ્રેડ 7-12 ના વિદ્યાર્થીઓ માટે એક ઓનલાઇન પ્રોગ્રામ છે જેમાં NPSD ના નોર્થબ્રીજ સ્કુલના શિક્ષકો નીચેની બાબતોના ક્ષેત્રોમાં રેકોર્ડબધ્ધ શિક્ષકો છે: ગણિત, વિજ્ઞાન, અંગ્રેજી, સામાજીક અભ્યાસ, કલા, સ્વાસ્થ્ય/PE.
- પ્રોગ્રામ સૂચનાના આધાર તરીકે એડજેન્યુઇટી પ્લેટફોર્મ અને અભ્યાસક્રમનો ઉપયોગ કરે છે.
- સૂચના અસુમેળકારક પ્રકૃતિની છે (વિદ્યાર્થીઓ સામાન્ય રીતે તેમની જરૂરિયાતો અનુસાર શ્રેષ્ઠ રીતે અનુકુળ હોય તે સમયે લોગીન થાય છે), અને વિદ્યાર્થીઓ દરરોજ નિયુક્ત સમય દરમિયાન વર્ચ્યુઅલ વાતાવરણમાં શિક્ષકો સાથે વાતચીત કરવામાં સક્ષમ હોય છે.
- NPVA કાર્યક્રમ એ રીતે અનન્ય છે કે NPVA એ વિદ્યાર્થીઓને વ્યક્તિગત ટ્યુટરિંગ અને સલાહ-મસલત સહયોગ માટે દરરોજ નિયુક્ત સમયે શિક્ષકો સાથે મળવાનો વિકલ્પ છે.
- NPVA વિદ્યાર્થીઓ જે પ્રોગ્રામ દ્વારા સફળતાપુર્વક મેટ્રિક પાસ થશે તેઓ નોર્થ પેન હાઇ સ્કુલનો ડિપ્લોમા પ્રાપ્ત કરશે.
- NPVA વિદ્યાર્થીઓ NPSD વધારાની અભ્યાસક્રમ પ્રવૃત્તિઓમાં ભાગ લેવા પણ પાત્ર છે. વિદ્યાર્થીઓની હાજરી અને શૈક્ષણિક વ્યસ્તતા/પ્રગતિનું નિરીક્ષણ NP એડમિનિસ્ટ્રેશન, સલાહકારો અને શિક્ષકો દ્વારા કરવામાં આવે છે.

મને ખાતરી છે કે તમને ત્રણ વિકલ્પોમાંથી દરેક અંગે પ્રશ્નો છે. તમારૂં ઇનપુટ અમારા માટે મહત્વપુર્ણ છે. બિન-બંધનકર્તા હોવા છતાં, હું સેકન્ડરીના માતાપિતાને અહીં આપેલ એક સર્વે પુર્ણ કરવા માટે કહી રહી છું. તે પૂછે છે કે આજે તમે જે શીખ્યા તેના આધારે તમે કયો વિકલ્પ પસંદ કરશો. ઇનપુટ આપવા માટે પણ એક જગ્યા છે અને અમને જણાવો કે આ ઉનાળા પછી તમારો અંતિમ નિર્ણય લેતા પહેલા તમને હજુ પણ કઈ માહિતીની જરૂર છે.

તમારો પ્રતિસાદ અમને આગળની યોજના બનાવવામાં મદદ કરશે અને આવનારા અઠવાડિયાઓમાં સેકન્ડરી વિદ્યાર્થીઓ માટે વધુ વિગતવાર માહિતી પ્રદાન કરશે. તે સમયે અમારી પાસે પ્રાથમિક શાળાના વિદ્યાર્થીઓ માટે વધુ યોજનાઓ પણ વિકસિત થઈ હશે.

સમય મર્યાદાને કારણે કૃપા કરી શુક્રવાર, જુલાઈ 3, 2020 સુધીમાં સર્વેનો પ્રતિસાદ આપો.

તમારા સતત સહયોગ માટે આભાર. કૃપા કરી સુરક્ષિત રહો અને નોર્થપેનસ્ટ્રોંગ ચાલુ રાખો.

ભવદીય,
ડૉ. કર્ટીસ આર. ડાયેટ્રીચ (Dr. Curtis R. Dietrich)
સુપ્રિન્ટેન્ડેન્ટ